# મોડાસામાં જુગારની મોસમ વધુ સાત શકુનિઓ ઝડપાયા

મોડાસા, તા.૧૨

મોડાસામાં જુગાર રમવાની જાણે મોસમ ખીલી હોય તેમ દરરોજ જુગારીયા પોલીસને હાથ લાગે છે. સતત બે દિવસ ૯૯ જુગારીયા ઝડપાયા બાદ શનિવારે ટાઉન પોલીસે શહેરના પહાડપુર રોડ પર જાહેરમાં જુગાર રમતા સાત શખ્શોને ઝડપી લીધા હતા. ૧૧ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે લઈ પોલીસે જુગારીયાઓને જેલમાં ધકેલી દીધા હતા. શહેરના પહાડપુર રોડ પર કેટલાક યુવકો જાહેરમાં જુગાર રમતા હોવાની ટાઉન પીઆઈ કે.જે.ચૌધરીને બાતમી મળી હતી. જેને પગલે સ્ટાફ સાથે છાપો મારી સાત જુગારીયાઓને ૪૦૦૦ રોકડ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. આ શખ્શો પાસેથી ગંજીપાના, ૭૦૦૦ની કિંમતના ચાર મોબાઈલ સહિત ૧૧૦૪૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. ઝડપી લેવાયેલ તમામ જુગારીયાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા.

## ઝડપાયેલ જુગારીઓ

મ.સલીમ બાદરમીયા જમાદાર
(રહે. ઈન્દીરાનગર, મોડાસા)
આબીદહુસેન બસીરમીયા ઘોરી
(રહે.ઈન્દીરાનગર, મોડાસા)
મુસ્તાકહુસેન એહમદમીયા શેખ
(રહે.રાઠોડ ફળિયુ, મોડાસા)
મ.યુનુસ યુસુફમિયા શેખ
( રહે.ઈન્દીરાનગર, કસ્બા,મોડાસા)
જહીરઅબ્બાસ જાફરહુસેન પટેલ
(રહે.ઈન્દીરાનગર, મોડાસા)
મ.ઈસાક અહેમદભાઈ મલેક
(રહે.ઈન્દીરાનગર, કસ્બા,મોડાસા)
મોહીન ઉર્ફે રબ્બર મોહમદભાઈ શેખ
(રહે.ઘોરીઓનો ચોક,મોડાસા)

# અરવલ્લી જીલ્લામાં ખનીજ માફીયાઓમાં ફફડાટ



મોડાસા તા.૧૨

છેલ્લા કેટલા દિવસ થી અરવલલી જીલલા ખાણ ખનીજ વિભાગ ધ્વારા પ્રસશનીય કામગીરી કરવામાં આવી રહી છે ખાણખનીજ વિભાગ ના અધિકારી અજીતસિંઘ યદુવંશી અને તેમની ટીમ ધ્વારા લાલ આં કરતાં ખનીજ માફીયાઓ માં ફફળાટ વ્યાપી ચુકયો છે ત્યારે છેલલા એક અઠવાડીયા ના સમય ગાળા માં ખાણખનીજ વિભાગ ધ્વારા કેટલાય વાહનો ને સીઝ કરી દઈ ખનીજ ચોરી તેમજ ઓરલોડ રેતી અને કપચી ની થતી હેરાફેરી રોકવાનો પ્રયાસ કરવામા આવ્યો હતો અને આ પરયાસ માં મોટાભાગે સફળતા મળી છે

## ખાણ-ખનીજ વિભાગની લાલ આંખ

ત્યારે ગઈકાલે અરવલલી જીલ્લા ખાણખનીજ અધીકારી અને તેમની ટીમ રાત્રી ના સમય દરમ્યાન તપાસ માં નીકળ્યા હતા ત્યારે માટે ભરેલા બે ટ્રેકટર પસાર થતાં તેમને વહેમ પડતા આ ટ્રેકટર નો પીછો કરતાં આ ટ્રેકટર એક ખેતર માં પહોચ્યુ હતુ અને ત્યાં જઈ ને જોતા ખાણખનીજ અધિકારી ચોકી ઉઠયા હતા ત્યાં આવેલ જગયા પર આઠ ટ્રેકટરો અને એક જેસીબી ધ્વારા મોટા પ્રમાણ માં અનીજ ચોરી વગર રોલ્ટી પાસે થતી હોવાનુ ધ્યન પર આવ્યુ હતુ અને ખાણખનીજ વીભાગ ની ઓચિંતી ચેકીગ આવતા સ્થળ ઉપર ના માણસો ફરારા થઈ ગયા હતા ત્યારે અરવલલી જીલ્લા ખાણખનીજ અધિકારી એ સ્થળ ઉપર થી કુલ ૮ જેટલા ટ્રેકટર અને અને એક જેસીબી પકડી પાડી કુલ ૬૦ લાખ ઉપરાતં નો મુદ્દામાલ ઝડપી પાડયો છે અને આ તમામ મુદ્દમાલ મોડાસા રૂરલ પોલીસ ને સોપવામાં આવેલ છે. જયારે છેલ્લા કેટલાય સમય થી અરવલલી જીલલા ખાણખનીજ વિભાગ ધવારા લાલ આંખ કરતાં ખનીજ માફીયાઓ માં ફફળાટ વ્યાપી ગયો છે ત્યારે ખાણખનીજ વીભાગ ની આ પ્રસંશનીય કામગીરી ને અરવલ્લી જીલ્લા વાસીઓ એ વખાણી હતી

# વીજતંત્રમાં રૂપિયા ભરી દેવા છતાં કુણોલ ગામની વિધવા મહિલાના જીવનમાં અંધારું

મોડાસા, તા.૧૨

મેઘરજ તાલુકાના કુણોલ ગામે વિધવા મહિલાએ વીજ કનેક્શન મેળવવા માટે પાંચ માસ અગાઉ નિયત ફી ની રકમ ભરી દીધી છે. પરંતુ હજુ તો વીજ તંત્ર પાંચ મહિને ખાલી મીટરનું બોક્સ આપી ગયુ છે. પરંતુ અંધારુ ઉલેચવા મથતી મહિલાને હજુ સુધી વીજ જોડાણ અપાયુ નથી. મહેલોમાં ઝાકમઝોળ વચ્ચે એક ગરીબ વિધવાના ઝુંપડામાં વીજળીનો દિવો દોઝ્ઞાલો બની ગયો છે.

### લાઈટ વગર પૌત્રીઓના અભ્યાસ પર અસર : ૪૫ દિવસમાં વીજ જોડાણ આપી દેવાનો નિયમ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

કુણોલમાં ઝાલા હેમબા દિલુસિંહ નામની ગરીબ વિધવા મહિલાનો થયો છે. વર્ષોથી એકલવાયુ જીવન જીવતી મહિલાને પુત્ર નથી. અત્યાર સુધી તો બાજુના મકાનમાંથી દોરડાથી લાઈટ મેળવ્યુ હતું પરંતુ નસીબે ત્યાં પણ સાથ ન આપતાં બાજુનું ઘર પડી ગયું. આખરે આ મહિલાને વીજળીનું કનેક્શન લેવાની ફરજ પડી છે. પાંચ માસ અગાઉ ફેબ્રુઆરીમાં વીજ કનેક્શન લેવા માટે વીજતંત્રમાં ૨૦ રૂપિયા ટેસ્ટ રીપોર્ટ ચાર્જ, ૨૫૬ રૂપિયા સીક્યુરીટી ડીપોઝીટ અને ૩૫૦૦ રૂપિયા વીજ જોડાણ એસ્ટીમેન્ટ સહિત નિયત થતી ૩૭૭૬ રૂપિયા ફી વ્યાજે લાવીને ભરી દીધા છે. પરંતુ આ મહિલાના ઝુંપડામાં મીટર આવ્યું નથી. જોકે થોડા સમય અગાઉ વીજ તંત્રએ આ મહિલાને મીટર ઢાંકવા માટે બોક્સ આપી દીધું છે પરંતુ હજુ સુધી મીટર જ આપ્યું નથી.

ઢળતી ઉંમરે ખાલીપો સતાવતાં હેમબા ઝાલા પુત્રીની બે દિકરીઓને ભણાવવા લઈ આવ્યા છે પરંતુ ઘરમાં લાઈટ ન હોય હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. જયારે દિકરીની દિકરીઓને રાત્રીના સમયે અભ્યાસ માટે બાજુના ઘરોમાં જવું પડે છે. એક બાજુ મહિલા ઉત્થાન અને કન્યા કેળવણીની મોટી મોટી વાતો થઈ રહી છે ત્યારે વીજ કનેક્શન મેળવવા જેવી સામાન્ય બાબતમાં તંત્રની ગંભીર બેદરકારી સામે લોકોમાં પણ રોષ ભભૂકી ઉઠયો છે.

કોઈપણ ગ્રાહક વીજ કનેક્શન મેળવવા માટે અરજી કરે ત્યારે એસ્ટીમેન્ટ, સીક્યોરીટી ડીપોઝીટ સહિતનો ચાર્જ વસૂલ્યા બાદ ૪૫ દિવસમાં વીજ કનેક્શન આપી દેવાનો નિયમ છે તેમ મેઘરજ તાલુકા નાયબ કાર્યપાલક ઈજનેર બરંડાએ જણાવ્યું હતું. જો કે આ જ અધિકારીઓ નિયમ જાણતા હોવા છતાં પાંચ મહિનાથી વિધવા બાઈને કનેક્શન આપતા નથી.

# માલપુર પોલીસને હાઈકોર્ટની ફટકાર હત્યાનો મુદ્દો રફેદફે કર્યાનો આરોપ

મોડાસા, તા.૧૨

માલપુર તાલુકાના બનાજીના મુવાડા (ટુણાદર) ગામે ૫ મહિના અગાઉ થયેલી એક જ પરિવારના ૫ સભ્યોની હત્યામાં સ્થાનિક પોલીસે તપાસનું ફીડલું વાળી દેતાં મૃતક યુવાનની જનેતાએ ગામના માથાભારે ઈસમોએ જમીન પચાવી પાડવાના ઈરાદે પોતાના પરિવારના સભ્યોની ઠંડા કલેજે હત્યા કર્યાનો ફરિયાદમાં આક્ષેપ કર્યો છે. હાઈકોર્ટે મહિલાની અરજીને ધ્યાને લઈ માલપુર પોલીસને હાજર રહેવાની નોટીસ ફટકારવામાં આવી છે સાથે હાઈકોર્ટે ગુજરાત સરકાર, સી.આઈ.ડી. ક્રાઈમ તેમજ ડી.જી.ને પક્ષકાર તરીકે લીધા છે.

### બનાજીના મુવાડામાં પાંચની હત્યાનું પ્રકરણ હાઈકોર્ટમાં પહોંચ્યું

ટુણાદર નજીક આવેલા બનાજીનામુવાડા ગામના ભલા ભુરાભાઈ પરમાર ગત તા.૫ ફેબ્રુઆરી૨૦૧૫ના રોજ રાત્રે ઘરેથી નિકળ્યા પછી પરત ફર્યો ન હતો.

બીજા દિવસ સવારે ગામ નજીકના ખેતરમાં ભલા પરમાર તેમજ પત્નિ કોકીલા, દિકરી કિંજલ, દિકરો રાહુલ સહિત ૫ જણના કરપીણ હત્યા કરાયેલા મૃતદેહ મળતાં સમગ્ર જિલ્લામાં સન્નાટો વ્યાપ્યો હતો. બનાવ સ્થળે આવેલી માલપુર પોલીસે પ્રેમ પ્રકરણના કારણે મોતનો ખેલ ખેલાયાની આશંકાના પગલે હત્યા પ્રકરણને પછીથી અભરાઈએ ચડાવી દીધું હતું અને તપાસનો વિંટો વાળી દીધો હતો. જયારે પુત્ર અને તેના પરિવારની ગામના કેટલાક માથાભારે શખ્સોએ જમીન પચાવી પાડવા માટે સમગ્ર પરિવારનું કાસળ કાઢી નાખ્યું છે અને પુત્રવધુને ગામના રાજેન્દ્ર સાથે આડા સબંધ હોવાની સાવ ખોટી વાત ઉપજાવી કાઢયાનો ફરિયાદમાં આક્ષેપ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટે સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન ૩૬૮૫/૨૦૧૫ અન્વયે નોંધ લઈ માલપુર પોલીસને હાજર રહેવા માટેનું ફરમાન કર્યું છે. એક સાથે ૫ જણની હત્યાના મામલે પી.એસ.આઈ. રાઓલે સમગ્ર મામલો ઈરાદાપૂર્વક રફેદફે કરતાં મૃતકની જનેતાએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવી ગામના ૭ આરોપીઓ વિરૂદ્ધ ખૂનનો ગુનો નોંધી કાર્યવાહી કરવા માટે માંગ કરી છે.

# પોશીનામાં કરિયાણાની દુકાન ધરાવતો ગઠિયો પકડાયો

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પછાત ગણાતા પોશીનામાં રહેતો અને કરિયાણાની દુકાન ચલાવતો એક શખ્સ છેલ્લા કેટલાક સમયથી લોકોને લાભ અપાવવાના બહાને પૈસા લઈ છેતરપિંડી કરતો હતો. દરમિયાન આ જ શખ્સ તાજેતરમાં થરાદ ખાતે આવેલ એક એટીએમમાંથી ગ્રાહકનું કાર્ડ બદલી નાણાંની ઉચાપત કરતા પકડાયો હતો. જે શખ્સ પોશીનાનો હોવાનું જાણ થતાં પોશીના પોલીસે તેની વિરૂધ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે પોશીનામાં કરિયાણાની દુકાન ધરાવતા મોહંમદ સોહિલે ગત તા.૧૪/૬/૧૨ થી જુલાઈ ૨૦૧૫ દરમિયાન ખંઢોરા ગામના સાયબાભાઈ વિરમાભાઈ અંગારી પાસેથી ટ્રેક્ટર અપાવી દઈશ તેમ કહી રૂા.૧૫ હજાર રોકડા તથા ખેતપેદાશોના મળી રૂા.૩૧,૯૫૦ લઈ લીધા હતા.તેજ પ્રમાણે ખંઢોરા ગામના ભાડાભાઈ વજાભાઈ અંગારી પાસેથી અમદાવાદ સારવાર કરાવવા લઈ જવાના બહાને ખેતપેદાશોના રૂા.૭૦ હજાર લઈ પાછા આપ્યા ન હતા તથા ખંઢોરાના જ ગુજરાભાઈ હાંસાભાઈ અંગારી પાસેથી રૂા.૨૦ હજાર હાથઉછીના લઈ પરત આપ્યા ન હતા.

જે અંગે સાયબાભાઈ અંગારીએ શનિવારે મોહમંદ સોહિલ વિરૂધ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોડાસાના મરડીયા પાસે ટ્રક અને ટેન્કરની ટક્કર



(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર મરડીયા પાટીયા નજીક ધોરીમાર્ગ પર વચ્ચે બનાવેલા ડિવાઈડર પર રહેલા ફૂલ છોડને એલ એન્ડ ટી કંપનીની પાણીની ટેન્કર દ્વારા કર્મચારી પાણી આપી રહ્યો હતો ત્યારે મોડાસા તરફથી શામળાજી તરફ જઈ રહેલી ટ્રક (નં. આરજે૧૪જીડી ૦૯૯૧)ના ચાલકે પાછળથી ગફલતભરી રીતે હંકારી પાણી ભરેલા ટેન્કરને ટક્કર મારતા ટેન્કર ડીવાઈડર પર ચઢી ગયું હતું. સદ્નસીબે છોડને પાણી પીવડાવનાર કર્મચારીનો આબાદ બચાવ થયો હતો. ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

# ચાંદનગરનો યુવાન ગુમ થતાં ફરિયાદ

હિંમતનગરના ચાંદનગર વિસ્તારમાં રહેતા ઈસ્માઈલખાન સમીરખાન પઠાણ ગત તા.૧૧જુલાઈના રોજ સાંજે ઘરેથી બજારમાં જવાનું કહી નીકળ્યા બાદ પરત ન આવતા પરિવારજનોએ તેમની શોધખોળ કરી હતી. પરંતુ કોઈ પત્તો ન મળતા રવિવારે ઈસ્માઈલખાનના પત્નિ મુમતાઝબેને બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લી જીલ્લામાં પોલીસે દારૂની હેરાફેરી પર બોલાવેલો સપાટો

**ગત રાત્રી એ એલસીબી એ ગાજણ નજીક થી દારૂ સહિત ૨૬ લાખ રૂપીયાના મુદ્દમાલ સાથે બે આરોપીઓ ની ધરપકડ કરી : કુલ ૧૩૬૬૯ નંગ બોટલ દારૂ પકડાયો**

સમગ્ર અરવલલી જીલ્લા માં છેલ્લા કેટલાય સમય થી પોલીસે ગૃનાહિત પ્રવૃતી આચરનારો ઓ સામે લાલ આં કરી છે તેમ રેડ પર રેડ અને દારૂ પર દાર એમ જુગારીયાઓ અને



કરોડો રૂપીયાનો દારૂ અરવલ્લી જીલલા પોલીસે પકડી પાડવામાં સફળ નીવડી છે અરવલ્લી જીલ્લા ના બાહોશ પોલીસ વડા મયુરસિંહ ચાવડા ના માૃગદર્શન હેઠળ અરવલ્લી જીલલા ની પોલીસે ખરેખર પ્રશેસનીય કામગીરી કરવાનુ ચાલુ કર્યુ છે

ત્યારે ગત રાત્રી એ અરવલ્લી જીલલા એલસીબી પોલીસ ને બાતમી મળી હતી કે અરવલ્લી જીલલા માં ટ્રક ભરી ને દારૂ ઘુસાડવામાં આવી રહયો છે. ત્યારે બાતમી ના આધારે ગાજણ ગામ ની સીમ માં અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ પીકેપટેલ અને તેમની ટીમ ધ્વારા નાકાબંધી કરવામાં આવી હતી અને બાતમી મુજબ ની ટાટા કંપની પરપ્રંતીય ટ્રક નંબર એચ પી ૬૧ એ ૬૬૦૪ અવાતાની સાથે તેને રોકી ને તુની તલાસ લેતા આ ગાડી માં થી વગર પાસ પરમીટે વેચાણ સારૂ પહોચડવા ઈગ્લીશ દારૂ અને બીયર ની જુદી જુદી બ્રાન્ડો કુલ આખી પેટી નંગ ૩૮૮ તથા બીજી છુટી બોટલો મળી કુલ બોટલ અને ટીન થઈ નંગ ૧૩૬૬૯ જેની કિંમત ૧૫,૫૮,૯૦૦/- નો દારૂ અને ગાડી ની કી/મત કુલ ૧૦ લાખ રૂપીયા તેમજ ૩૫૦૦ રૂપિયાની કિંમત ના ૨ મોબાઈલ અને ૧૩૦૦૦ હજાર રૂપીયા રોકડા મળી કુલ ૨૬ લાખ રૂપીયાના મુદ્દામાલ સાથે જગદીશ જાટ (હરીયાણા)અને સત્યનારાયણ પંડીત (હરિયાણા)આ બન્ને ની ધરપકડ કવામાં આવી હતી જયારે નરેશ જગતસિંહ અને એક અન્ય આરોપી મળી આવેલ નથી ત્યારે આ બે આરોપીઓ ને ઝડપી અને બીજા બે આરોપીઓ ને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ : ભૂપેન્દ્રસિંહ



પાલનપુર, તા.૧૨

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના નારોલી મુકામે સર્વ સેવા ટ્રસ્ટ રાધનપુર સંચાલિત શ્રી રવિશંકર મહારાજ ઉત્તર બુનિયાદી વિધાલયના નવા બિલ્ડીંગનું ઉદ્ઘાટન શિક્ષણ અને અન્ન, નાગરિક પુરવઠો તથા ગ્રાહકોની બાબતો વિભાગના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ -સંગે -ાસંગીક -વચન કરતાં મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વરમાં ગુજરાત અને સમગ્ર દેશમાં ઝડપભેર સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લામાં નર્મદાના નીર આવવાથી ખેડુતો બાગાયતી પાકો તરફ વળ્યા છે અને દાડમ જેવા પાકોનું મબલખ ઉત્પાદન મેળવતા થયાં છે. તેમણે ઉમેર્યુ કે આપણા વિસ્તારમાં નર્મદાના નીર આવ્યા છે ત્યારે ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવી પાણીનો સદઉપયોગ કરીએ અને ઓછા પાણીએ વધુ ઉત્પાદન મેળવીએ.

મંત્રીશ્રીએ કહ્યું કે બાળકોમાં શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન થાય અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે રાજય સરકાર કટીબધ્ધ છે.

આ -સંગે થરાદ તાલુકા પંચાયતના -મુખશ્રી મઘાજી ઠાકોર, દાંતીવાડા તા.પં.-મુખશ્રી ઈશ્વરસિંહ સોલંકી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી બાબરાભાઈ ચૌધરી, વાવ રાણાશ્રી ગજેન્દ્રસિંહજી, સર્વ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સર્વશ્રી ચિનુભાઈ પટેલ, ડૉ.પી.જી.પટેલ, આચાર્યશ્રી ભરતસિંહ વાઘેલા, અગ્રણીઓ સર્વશ્રી ગુમાનસિંહ ચૌહાણ, શ્રી રૂપસિંહભાઈ પટેલ, શ્રી જીવરાજભાઈ પટેલ સહિત અગ્રણીઓ, શિક્ષકો, વિધાર્થીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વિજયનગર તાલુકાના કોડીયાવાડા સરપંચની પેટા ચૂંટણી સંપન્ન

વિજયનગર તાલુકાના કોડીયાવાડા ગ્રામ પંચાયતના સરપંચની પેટા ચૂંટણી રવિવારે યોજાઈ હતી. જેમાં નિરસ મતદાન થતાં ૩૬ ટકા મતદાન થયુ હતું. ચાર બુથો પર શાંતિપૂર્ણ મતદાન થતાં વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ અંગે ચૂંટણી અધિકારી ભગવાનદાસ ખરાડીના જણાવ્યા અનુસાર કોડીયાવાડા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ રામજીભાઈ થાવરાજી ડામોરનું હદયરોગના કારણે ગત મહિને અવસાન થયુ હતું. જેના કારણે પેટા ચૂંટણી યોજવાનું તંત્રએ નક્કી કરતા રવિવારે ચૂંટણી અંતર્ગત મતદાન યોજવામાં આવ્યુ હતું. જેમાં કટારા નાથાજી અને ડોડીયા ભીમજીભાઈએ ઉમેદવારી નોંધાવી હતી. આખા દિવસ દરમિયાન માંડ ૩૬ ટકા મતદાન થયુ હતું. પેટા ચૂંટણીનું મંગળવારે તા.૧૪મી જુલાઈએ પરિણામ જાહેર થશે.

# આતરસુંબા પ્રાથમિક શાળામાંથી મોટર ચોરાતા પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા.૧૨

વિજયનગર તાલુકાના આતરસુંબા ગામે આવેલ પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાંથી તા.૧૦ થી ૧૧ જુલાઈ દરમિયાન અજાણ્યા શખ્સોએ બાળકોને પીવાના પાણી માટે મુકવામાં આવેલ રૂા.૫ હજારની કિંમતની બે મોટરોની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે બલાત રિનમભાઈ લાલજીભાઈએ વિજયનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ


AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર


મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦